# હિંદનુ વાતાવરણ

પુર્વકાળથી તે અત્યારની ઘડી સુધીની ચાલતી આવેલ

લડાઇઓ ને ઝગડાની વાંચવા લાયક હકીકત.

## રામ અને રાવણથી માંડીને ગાંધીજી

સુધીનો અહેવાલ.

---

લખી છપાવી પ્રગટ કરનાર

મેમણ [illegible] [illegible] ભાવનગરવાળા,

[illegible] [illegible] [illegible] ની ચાલમાં

ઘર નં. ૧૦૮-૧૧૦.

પ્રત ૧૦૦૦.

---

કિંમત એક આનો.

# પૂર્વકાળથી અત્યારસુધી ચાલતી આવેલી લડાઇ ને ઝગડા

## રામને રાવણથી માંડીને ગાંધીજી સુધી વાંચવાલાયક ઈતીહાસીક હકીકત

### ઝેર ગયાં ને વેર ગયાં—એ રાગ.

ધર્મ ધરાને ધનના વીગ્રહ, પુર્વકાળથી લાગ્યા છે
શાસ્ત્રો અને ઇતીહાસથી સાબીત જંગ સ્વારથના જાગ્યા છે
અન્ય તણા સુખની બહુ ઈર્ષા દેવ અને દાનવથી છે
બ્રહ્મા વીશ્નુ અને મહેશથી, માંડીને માનવથી છે
મારૂં તારૂં કરવા લાગ્યા, જનમ્યા ત્યાંથી માંડયા જંગ
કોઈ કોઇને નવ નમે જરાએ, આ છે મહમાયાના રંગ
જુવો ઈંદ્રના કેવા અખાડા, જુવો શંકરને ભસ્માસુર
જુવો રામને રાવણ લડીઆ, કૃષ્ણે કંસનું ઉતાર્યું પુર
કઉરવ અને પાંડવનાં પરાક્રમ, મહાભારતમાં છે મોટાં
આ વીગ્રહ તો હતા દેવના, મનુષ્યનાં આપુ ઓઠાં
પરાક્રમી પરમારો લડીઆ, વીક્રમ જેવા ડાહ્યા વીર
ભલો ભુપ જે ભોજ ગણાતો, તેણે પણ નવ રાખી ધીર
શુરા શીલાદીત્યની ઉપર, લશ્કર લાવેલ કાકુ ક્રૂર

વડા સાથે લ... ...રુખડ, ... ...ી લડીઓ શ...
ભાણેજોએ ભુંડુ કીધું, મામા ...ચ રાખી હા...
શુરા પુરા ચોહાણ સાથે, જયચંદે માંડયુ તું જુધ્ધ
ઘોરીશાહે લશ્કર લાવી, સઉની ભુલાવીતી શુધ્ધ
શાહે દીલ્હીમાં ગાદી સ્થાપી, ઇસ્લામીની ફરી ગઇ આણ
રાજા મહારાજા થઇ ગયા તાબે, સૌ કોઇને થઇ ગઇ જાણ
વીષય અંધ વાઘેલા ઉપર, દળ લાવેલા દીલ્હી શાહ
રાજ મુકીને પડયું રખડવું, પ્રધાનોના દીલનો દાહ
રાણા લડતા રાઠોડ લડતા, લડતા શાહ અને સુબા
ઉશ્કેરીને ભાટ ચારણો, ઘોબે પીતા કસુંબા
પુર્વજોના બીરદ બોલી, ભાટ ચારણ કરતા ભારે
નીર્બળને તો સબળ કહીને, લડાઇમાં તે ઉતારે
લાડાઇ થાય તો ભાટ ચારણને, મળતાં મંડીલ સેલાં માન
લડી લડીને સૌ થયા નિર્બળ. ભાટ ચારણ બેઠા નીજ સ્થાન
બેની લડાઇમાં ત્રીજો જીતે, તેમ જીત્યા શાણી સરકાર
ઝેર વેર ને જંગ પતાવ્યા, બની ગયા સૌ બેદરકાર
છેલ્લો ઝગડો હીન્દના અંદર, અઢારસેં સત્તાવનનો
મહારાણીએ ઢંઢેરો પીટાવ્યો, હક મળશે સૌ જનનો
ત્યાં તો હીન્દીઓ બહુ કુલાણા લાંબા લાંબા લખ્યા ઇતીહાસ
બાદશાહોની નીંદા લખીને બ્રીટીશના બની ગયા દાસ
બાદશાહોની નીંદા લખીને, બ્રીટીશ રાજ્યના થાય વખાણ
ગુજરાતી કવીતાની અંદર હજુ મોજુદ છે ઘણાં લખાણ
અલાઉદ્દીન તો આવો તેવો, ઓરંગજેબ પણ બહુ બુરો
આવા બીજા અનેક શાહોને, દોષ દીધેલ પુરેપુરો
બાદશાહોને બુરા ચીત્ર્યા, બ્રીટીશ બાબુ તો બહુ સારા
સારાને હવે નરસા કહો છો, અંગ્રેજ થયા કેમ અકારા
ફકત હીન્દના હીન્દીઓ સારા, બાકી બીજા બધા ખરાબ
અમેજ લાયક અમેજ દમાણુ, અમ પર નથી બુરાઇના બાબ
પણ જે દીન હીન્દ હતો તમારો, તો પણ નીશદીન લડતાતા

કાઇના કન્યા [illegible], [illegible]
તુરત તેને તા[illegible] કરવા, કોઇથી બાને કરતા વેર
હિન્દની હદ તમે મુકીને, બહાર બહાદુરી બતાવી ક્યાં
એકજ દાખલો અમને બતાવો, જ્યાં જનમ્યા છો ત્યાંના ત્યાં
વરને તો વરની માજ વખાણે, કહો બીજું વખાણે કોણ
પૃથ્વીરાજ ને શીવાજીના વાતુમાં નથી આનું મોણ
બ્રીટીશે લડાઇઓ બંધ કરાવી પ્રજા શાન્તીથી રહેવા લાગી
મહારાણીનું રાજ તપો એમ, સઉ કોઇએ લીધું માગી
સાઠેક વર્ષ રહીતી શાન્તી, જમતા સાકર ચોખા દુધ
ત્યાં ઓચીંતો ઉઠયો ભડકો, યુરોપમાં તો જાગ્યું યુધ્ધ
નાની મોટી તેર ટોપીઓ, લડવા માટે થઇ તઇયાર
આ વીગ્રહ તો હતો યુરોપમાં, જરમન હતો સઉનો સરદાર
બે ત્રણ વર્ષે થઈ ગઇ શાન્તી સઉની અંદરે અંદરમાં
છતાંજ સૌને હતી ધાસ્તી હુશીયાર હતા નીજ બંદરમાં
હિંદમાં પણ હો હો થઇ ગઇ હતી, જરમનીએ જે માંડેલો જંગ
સ્વરાજનાં સ્વપ્નાં આવ્યા કરતાં, આપણે પણ દેખાડો રંગ
દાદાભાઇએ દુરબીનમાથી, સ્વરાજના દેખાડેલ દવાર
સ્વરાજની સો કરો માંગણી, હિંદ હવે થયો છે હુશીયાર
ગોળા ઢાળી ગીઓ ગોખલે, તીલકે તોપો કરેલ તૈયાર
સ્વરાજ કેરી લડત ચલાવા, ગાંધી બની ગયા ગોલમદાર
ગાંધીજીને ચડી ગઇ આંધી, ખાદી ઉપર આવ્યો ખ્યાલ
વેપારીઓને થઇ પડી વ્યાધી, અનેક બની ગયા બેહાલ
વીદેશી માલનો બોયકોટ કરાવ્યો, જ્યાંત્યાં માલમાં મુકાવી આગ
અનેક વેપારીએ કાઢયા દીવાળાં, કહો હિન્દના કેવા ભાગ્ય
ત્યાં વળી બીજું તરકટ જાગ્યું, હરીજન ઉપર આવ્યું હેત
તેમાં કોઇનું કાંઇ વળ્યું નહીં આખર ચીડયા ખાગઇ ખેત
ધર્મચુસ્તોએ માંડયાં ધીંગાણાં, અંદર અંદર થયા વીખવાદ
ખાદીની બરબાદી થઈ ગઈ, રેંટયા નવ રહ્યા કોઇને યાદ
પરદેશીઓના પ્રતાપેથી, આજ મજા સઉ માણો છો

એક બાજાનું જોઈ અત્યાર, લાખો લોકો થયા છે ન્યાલ
વીદેશીઓનો દોષ નથી કાંઈ, દોષ સર્વ છે દેશીનો
સ્વાર્થ સાધવા રસ્તા બતાવો, કપટ ભરેલો છે કીનો
તમોજ ખેડુને ખુવાર કરો છો, નાણા ધીરી વાળો નખોદ
દોઢા બમણા લખાવી લઇને, આવક હર્યો છો તમારે ગુદ
અભણ કોમને એટલો વાળી, રોટલેથી ટાળી દીધા
વાળી ચોળી ભરી કોઠીઓ. પઇસા પાછા નવ દીધા
સરકાર દરબારના સીપાઇ આવે, ચાલો ભરણું ભરવાને
આવક તો વેપારી લઈ ગયા, મન થયું કમોતે મરવાને
વળી શેઠને કરી વીનંતી, દરબારને શું દેવો જવાબ
થોડા ઘણા મને પઇસા આપો, બીજો વેચી સહુ ઘરનો બાબ
શેઠ કહે તમો સાંભળો પટેલજી, જરૂર દરબારને કહી દેવું
આ વર્ષે કાંઇ નથી નીપજ્યું, માટે માફ કરી લેવું
છતાં માફ જો નવ કરે તો, સત્યાગ્રહ શરૂ કરજો
ભુખ્યા તરસ્યા બેસી રહેવું, બીલકુલ તમો કોઇ ન ડરજો
આવા ઉઠાં વેપારી ભણાવી, પોતાનો સ્વાર્થ સાધે છે
બેખોફ થઇને રસ્તા બતાવી, ગરીબ પર બોજો લાધે છે
સ્વાર્થ માટે આજે સૌ કોઇ, સ્વરાજને બાને દોડો છો
ઉભા થઇને ભાષણ કરવા, કેવા લમણા તોડો છો
સંપ હશે તોજ સ્વરાજ મળશે, ટળશે હીન્દ તણા સૌ દુઃખ
સંપ વગરનું સર્વ કોઇને મુશ્કેલ છે મળવાનું સુખ
સંપ કરી ખેતી ખીલાવો, ખેડુત ઉપર રાખો ખ્યાલ
દબાય છે ખેડુત બહુ દુઃખમાં નથી લટકતો બાડે માલ
ખાદી છે ખેતરની અંદર, ખાદી છે ખેડુના પુત
ટાઢ તડકો વેઠી તમને, ઠેવા રાખે છે મજબુત
ખાદીની તો ખાણ નથી ક્યાંઇ, નહીં બંદર કે ખાળામાં
તેમ નથી ક્યાય કુવા તળાવે, નથી નદી કે નાળામાં
ખેડુ ઉપર ખ્યાલ રાખજો, બીલકુલ કોઇ નવ કરો ખુવાર

... ૭, ૫ ચણાને આજરી ૧૨
આવી બીજી અનેક વસ્તુઓ, ખેતર માંહીજ પાકે છે
માટે ખેડુને સઉ કોઇ સંભાળો, ઘડી ઘડી શું કામ થાકે છે
સ્વરાજ લઇને શું કરવું છે. કહો કોને પહેરાવશો તાજ
તાજ માટે તકરારો થઇ વળી પાછા થાશો નારાજ
મહેનત સર્વે ધુળ મળશે મુળ હાલી રહ્યાં છે દુનીયાનાં
મહેનત સર્વે ધુળ મળશે, મુળ હાલી રહ્યા છે દુનીયાનાં
જ્યાં ત્યાં લડાઈઓ સળગી રહી છે, માઠા પરીણામ થવાનાં
દેશી રાજમાં પણ કોંગ્રેસી કુદે, રાજા મહારાજાને કરવા માહત
પછી ઇસ્લામીને તારાજ કરશું કે તુટશે બ્રીટીશની તાકાત
આવાં સ્વપ્નાં કોંગ્રેસને, મહાસભાને આવે છે
ગાંધી ભકતો રજવાડામાં બીજ ઝેરના વાવે છે
રાજા પ્રજાની એકતા અંદર, કહો કેવા નાખે વીખવાદ
રાજતંત્રતો હાથમાં લઈને, બનવા માગે છે આઝાદ
પણ આઝાદીમાં નથી આબાદી, બીલકુલ થાશે બરબાદી
આગળ પાછળના વીચાર કરજો, સર્વ કોઈ કોંગ્રેસવાદી
સર્વ પ્રજાને બદનામ કરીને, કામ તમારે કરવું છે
વીશેષમાં તો કુદે વાણીયા, સ્વતંત્ર થઈને ફરવું છે
રાજા મહારાજાની અટકને મળતા, જુવો મોચીને દરજી છે
રાજતંત્રનો હક છે તેનો, પણ નતો તેની મરજી છે
કોઇ છે રાણા કોઇ છે રાઠોડ, કોઇ પરમાર કોઇ વાઘેલા
કોઇ ચહુવાણને કોઈ ચાવડા, કોઇ ગોહીલને કોઇ ઝાલા
કોઈ સરવઇયા કોઇ સોલંકી, વળી કોઈ છે મકવાણા
કોઇ જેઠવા કોઇ ખુમાણો વળી શેષવીમાં છે વાળા
રાજતંત્રનો હક છે તેનો તે માંગે તો ગણાય ઠીક
પણ વાણીયા દુણીયાનું શું બાગે જે બતાવી રહ્યા છો સઉ જે બીક
વહાણમાં જનમ્યા એટલે વાણીયા અટક દાસા વીસાની
કાઠીઆવાડને કીનારે ઉતર્યા એટલીજ મળી છે નીસાની
વહાણોમાં રહીને માલ વેચતા આજુબાજુના બંદરમાં
રાજા મહારાજાએ આસરો આપ્યો રહ્યા શહેરોની અંદરમાં

[illegible]
ઢેઢા બમણા કરતા [illegible] મણના થઈ પડી બાંડી
જેમ જેમ પઈસા વધવા લાગ્યા મહાજન નામ પડયું મોટું
દરબારોમાં જવા આવવા કાઢવા માંડી બહુ દોઢું
વજીર થયાતા દીવાન થયાતા બીજા કરતા રાજના કાજ
રાજા મહારાજાની હતી મહેરબાની તેદી કેમ ન માગ્યુ સ્વરાજ
સર્વ કોમથી અધીક તમને રાજાઓ ચહાવા લાગ્યા
અનેક જાતના આસરા દીધા તો તેનું ટાળવા જાગ્યા
કારતક મહીને કણબી ડાહયો તેમ ઘડપણમાં ગાંધી ડાહયા
જુવો દેસના રાજાઓના હલાવા માંડયા છે પાયા
અડધો દાણો જેમ મીયાનો તેમ તમારે કરવું છે
રજવાડામાં ધણી થઇને જયાં ત્યાંથી ધન હરવું છે
આંગળી નાંખી પોંચો નાખવો પછી નાખવો આખો હાથ
રાજા મહારાજા નામના રાખવા જેમ હવેલીમાં જગનાથ
નવ ગ્રહ તો છે અસલથી દસમો ગ્રહ થયો ગાંધી
રાહુને કેતુથી વીધવા કહો કેવી કમર બાંધી
આંધી ગ્રહ બેઠો છે ત્યારથી કોમે કોમમાં થયા કંકાસ
કરવેરાને ટેક્ષ વધી ગયા વેપારીઓને પુરણ ત્રાસ
સર્વ વીચાર છે ગાંધીજીના ખ્યાલ વગરના સઉ ખોટા
હવાઇ કીલ્લા બાંધવા માંડયા મકોડા ઘોડે બહુ મોટા
સરદારોસુના સમજીને પડકારે પટેલને નહેરૂ
સરવદરો કાંઇ નથીજ સુના અને કદરોમાં છે એરૂ
અનાદી કાળથી ચાલ્યા આવે છે રાજા મહારાજા નારાજ
રાજતંત્ર કોઇએ નથી જમાવ્યું ઇતીહાસમાં પણ નથી અવાજ
આજ તમો જે નાચી રહયા છો વીદેસીઓના સાધન પર
તાર ટપાલને રેલને મોટર જા આ છે. વઈમાન ઉડી અધર
જે મુખથી તમો પાન ચાવતા તે મુખથી આવી આવળ
બોલે તમારે બંધજ કયાં છે ધુળ મળ્યું બાઇ કોટનું બળ
સ્વરાજની ચળવળ થઇ છે જયારથી કહો કોને દીધા છે ન્યાલ
પીકેટીંગમાં પ્રાણ ખોઇને અનેક મુવા છે બુરે હાલ

કહ્યા [illegible] [illegible] ઢાહો કોની [illegible]
લુખે લુખાં [illegible] કરીને ઘડીક ઓઢયો તો ચાહ્રાળ
ચડ જા બેટા સુળી ઉપર એમ ભાઇ મુવા ને બાઇ રાંડયા
કોંગરેસીઓએ મદદ કરી નહીં જઇ બીજાના ઘર માંડયા
આમાં જો રાજતંત્ર મળે તો કહ્યા દાદ કે.ણુ સાંભળેસે
એક રાંડ ને સો સાંઢ જથાસે દાહાડો કોઇનો નહી વળસે
ગાંધી કહે જાઓ પટેલ પાસે પટેલ કહે સે આવસે નહેરૂ
ધક્કા ખાઇ ખાઇ થાકી જાસો આખર થાસો ખેરૂ ખેરૂ
વેસ્યાનો છોકરો બાપ કોન કહે તેવીજ હાલત થાવાની
રાજા મહારાજા આપસે હીંમત ટાઢે પાણીએ નાવાની
બીંત હોય તો ભાર જીલે છે ત્રાટા કયાંઇ નથી ટકતા
વીશવાષથી આ વ્યાધી વોરીને નવા નવા માંડયા નખતા
પહેલો ખ્યાલ ખાદી પર આવ્યો રેંટીયાની માંડી રમત
વીદેશી માલેનો બોયકોટ કીધો આખર મુકો તે મમત
વળી પાછા મીઠાને વળગ્યા ઢેડો ઉપર માંડયું ધ્યાન
આખર તેમાં કાંઇ વળ્યું નહીં તે પણ ઉતરી ગીઉ અભીમાન
ભાંગ ભરખવી સહેલ છે સોને પણ લહેરૂં લેવી છે મુશ્કેલ
રાજતંત્ર પણ તેવુંજ સમજો આ કાંઇ નથી બચ્ચાના ખેલ
કોંગરેસના કાબુના છાપા એક તરફી બહુ હાંકે છે
રાજાઓને દોશ દઇને દેશ કોંગરેસના ઢાંકે છે
કોંગરેસીઓની લખે બહાદુરી તોજ ખપે તેના છાપા
રજનું ગજ લખી છાપે તો ખુશી થાય ગાંધી બાપા
રાજા મહારાજા બહુ સારા છે છાપા પર નથી કાબુ
અટકાયત જો કદી કરે તો છાપા વાળાના ચબ ઇસાબુ
રાજતંત્ર લેવાની રમતુ જો જો ખેડુતને પણ કરે ખુવાર
અમારાથી જો અસલ રહ્યા તો તમારો કરસું બહીસકાર
બહીસકારની બીક બતાવી પોતાનો સ્વારથ સાધે છે
જુવો ભાઇ આ વાણીયા વીદયા ગરીબ પર બોજો લાધે છે
આ દુનીઆમાં અનેક વીદયા છે વાણીયા વીદયા બહુ ઉંચી
જીંદગી ભર રહો વાણીયા સાથે તેની નહીં મળે કુંચી

... ો જુવો વાણી... ...હોને પ... ...ાપ્ત ાર
વગર આળા તો પીએ વાણીઆ ખેડુ ...ોના રૂધીર
રાણાથી ટેકો રહી છે ક્યાંઇ નથી રહી વાણાથી
ખરા ખેરીના ખેલ જુવો યાં ભાગવા માંડે ઠેકાણાથી
પહેલા વળગ્યા બ્રીટીશ બાપુને સ્વરાજના ...ાટવા મુખ
ખુમો પણ બાઇકોટની પાડી મહેનત મળી ગઇ સરવે ધુળ
આંધળો જેમ ઘરનાને વળગે તેમ હવે વળગ્યા રાજાને
જયાં ત્યાં અત્યારે વગાડી રહયા છો રાજતંત્રનાં વાજાને
છોરૂ કછોરૂ થાય ભલે પણ માતર કમાવતર નહીં થાસે
રાજા મહારાજા એમ સમજે છે સુમજુ છે સમજી જાસે
આ કારણથી રાજા મહારાજે બીલકુલ રાખ્યા ટાઢા કાન
છતાં તમો તો નથી સમજતા બહુ બતાવો છો અભીમાન
હદ ઉપરની વાત થઈ તો જરૂર બદલી જાસે બાપુ
તો જન્મભુમીને જાતી કરીને કહો શોધસો કયો ટાપુ
આ બધું હતું અનાર્યનું આર્યો તો પછી આવ્યા
સુકાવે તો સુકવું પડશે નાહાક ઝેરના બી વાવ્યા
સુર્ય વંશને ચંદ્ર વંશના સરવો રાજા મહારાજા છે
સાઓને ઈતિહાસની અંદર તેના દાખલા ઝાઝા છે
કોંગરેસ વાદી કુદી રહયા જે પોદળો પડયો ને ધુળલેસે
પણ આવો દળો તો પડયા પથરપર ઉલટો પાદળો ચોંટયા રહેશે
કાઠીયાવાડના તમો જેમ કાબા તેમ રાજા મહારાજા ગોટાબાબા
જે ધારે તે કરી સકસે જયાં જયાં જેના છે તાબા
સતા આગળ સાણા પતતો કામ તમારી નહીં આવે
નબળો હોય તો કોઇક કામ ચણો લોઢાના ચવરાવે
રાજ હોય છે રાણી જાયાના યાતો બીબી જાયાના
વાણીયા તો વેપારના રાજા ભળે રહયા દીકરા ડવધાના
વાણીયા તો વેપારના રાજા ખેડુ રાજા ખેતીના
પટેલ તો ઉંચેથી કુદે છે જયાં ઢગ બાહો યા રેતીના
ધીંગા ધાડા કાઠીના જે દીન બ્રીટીશ રાજ્ય પહેલા ફરતા
વાઘેરો આવીને ઘેરા નાખતા કહો તેદી કેવા ડરતા
સાંજ પડે સીમાડે આવી બંધુકોના કરતા બાર
દર દાગીના પેરવા ન પામતા દાઢી રાખતા જમી મોજાર

એ આઉ જાતા બીક લાગતી એટલું જાતા દી... ...ાય
તે દીનતો સુરાતનનો તું સાથવારાની ગોતતા સહાય
દીકરાની જાન જોડવી હોય તો સોવાતોના થતા વીચાર
બાપુ અમને વળાવો આપો જાન લઇ જાવું છે બાર
એના એજ બાપુની અત્યારે ઓલાદ ચાળી આવે છે
વાણીયા તો એ વફા થઇને પોતાના ભાવતી જાવે છે
સીપાઈ રજપુત આયરકાઠી બીજા ઇસલામીઓ અપાર
આરબ સંધી અને મીયાણા હજુ રહયા છે વફાદાર
દુધ પાઇને શર્પ ઉછેરવા જેવું નજરે જોઇએ છીએ
બાંથમાં રાખીને બચાવ્યાં ત્યારે તેનાજ સામું ફુફાડા દીએ
એંસી વર્ષની આગળની આ લખી જણાવું છું વાતો
દીવસ આથમ્યો કે દીવો કર્યા વીણુ સોકોઇ વાણીઓ સુઇજાતો
બ્રીટીસે આવીને બીક મટાડી ધાડ ચોરી ઢીંગાણાની
રાજા મહારાજાએ રાખી કળજી ચોકી પહેરા થાણાની
હથીયાર સરવ કબજે કીધા બાંધ્યા કાયદા ને કાનુન
ધીરે ધીરે બંધ પડી ગયા માર ફાટ લુંટો ને ખુન
રક્ષણ કીધું તેનું ભક્ષણ કરવા અત્યારે તમે તો થયા તઇયાર
તમારા જેવા તો હીંદની અંદર થયા નથી કોઇ વફાદાર
રાજા મહારાજે તમને સંભાળ્યા ચોકી પહેરા રાખીને
તે દીવસ તમો ભુલી ગયા શું જો જો નજર નાખીને
ગાંધીને પણ પુછી જોજો આગળ વખત હતો કેવો
રાજતંત્ર તમો હાથમાં લઇને જરૂર વખત લાવશો એવો
ધાડો ધીંગાણા ચાલુ થાશે સુરા બેસે સરદારી
પાછળથી પસ્તાવું પડશે ઠેકડા મારજો વીચારી
મહાસભા નહીં મદદે આવે કોંગ્રેસીઓની કંપસે કાય
રાજા મહારાજાને પછી શું જે કરવા દોડે તમારી સહાય
બેઉ ઠેકાણેથી રખડો ત્યારે ભેળા થાજો લે ભાગુ લોક
જ્યાં જ્યાં ગાંધી ચોક થયા છે ત્યાં જઇ મુકજો મોટી પોક
આ રાજ તંત્રની લડતમાં તો કોંગરેશીયાને નથી જકાણ
વેપાર ધંધાની પાયમાલીથી ગરીબ લોકને મોટી હાણ
બાદશાહો બુરા બ્રીટીશ બુરા બુરા રાજા મહારાજા
ફકત હીંદમાં કોંગરેસીઓ સારા વગાડે સ્વરાજના વાજા
કચ્છ કાઠીયાવાડ ને ગુજરાતમાંતો ચલાવે છેગાંધીશાહી
અહીંસા પરમો ધરમની ફેરવવી છે રાજ દુવાઇ

તીર ઠનો તાતણાંવ્યા પણ પટેલ ગાંધીને નહેરૂ
આ ત્રણ લોકોને બવશ વસે ગોપીચંદનને ગેરૂ
આકરૂં પડે તો અપવાસ આદરે મુંજાય ત્યારે ધરે છે મોન્ય
અનેક જાતના કર્યાં ઉધામા પણ પરીણામે આવી સુન
વડોદરામાં કંઈ વળ્યું નહીં લીમડીમાં રહયા લડકી
રાજકોટમાં પણ રખડી પડયા છે ત્યાં પણ સારી પડી પટકી
જ્યાં પટેલના પગલાં થયા છે ત્યાં થઈ છે પાયમાલી
ભોંયમાંથી ભાલા ઉઠે છે પરીષદ શાંન્તીથી નથી ચાલી
પહેલું જયાં ત્યાં ભુજી વાવે પછી મારે છે પડકારો
ભાવનગરમાં પણ મજુર પરીષદને કોંગ્રેસે કર્યોતો હડકારો
તેમાંથી કદી કોઇ કર્યું હોય પણ આવી પડી ઈસ્લામી પર
કોંગરેસથી હવે હીન્દુ કાયા છે મહાત્માજીના જોઇ મકર
જ્યાં જયાં સત્યાગ્રહ કર્યાં નહીં ગ્રહ થયા સત્યાનાસીના
જયાં ત્યાં વાગી રહયાં નગારાં કોંગરેસની નાસીપાસીના
એક તો વેપાર રોજગાર કરવા બીજું લેવું છે સ્વરાજ
પછી તો તમારીજ સતા બીલકુલ કોઇ નહીં કરે અવાજ
પણ સ્વરાજ તો બહુ છેટું છે સ્વર્ગતણી શેરી જેટલું
દોડી દોડીને થાકી ગીયા છો કહો હજી દોડસો કેટલું
હજુ બે કામ બાકી રહયા છે એક તો વરસાદ પાણીનું
બીજું કામ તો જનમ મરણનું આ છે કામ કમાણીનું
જનમ મરણ ને વરસાદ પાણી પરમેશ્વરની પાસે છે
ઘણેક ઠેકાણે નથી આપતો લોક બીચારા ત્રાસે છે
પ્રજા હીતનું આ કામ કરવા જાઓ જલદી વેમાન વાટે
આ કામ જો ન સુધરે તો જઇ બેસો કાસી ઘાટે
કાસીએ જઈને કરવત મુકાવો કોંગરેસ નેતા સાથે જઇ
રાજાને ઘરેજન મળે જો એટલે પ્રજાની પીડા ગઇ
રજવાડામાં જેવા જનમ્યા તેવોજ આનંદ થાવાનો
સ્વરાજ પ્રજાને સોંપી આપજો તો ગૂણ ખમીસો ગાવાનો
વીધી સરીખા લેખ આ સમજી મઢાવી રાખો માદળીયામાં
ફાડીને નવ ફેંકી દેજો રોડ રસ્તે કે ફળીયામાં.

તીજ ફકનો તાતણો ... બા

## વાંચવા પુસ્તકો

ઇસ્લામી તારીખ અને ઇસ્લામી
સાહીત્યનાં પ્રાચુવાન પુસ્તકો

ઐતીહાસીક વાર્તાઓના
શોખીનો માટે ઉમદા તક

| પુસ્તકનું નામ | કીંમત |
|---|---|
| ઓથારે હક ભાગ ૧, ૨, ૩ ... ... ... ... | રૂ. ૩—૧૨—૦ |
| અરબી અપ્સરા ... ... ... ... ... | ,, ૧—૮—૦ |
| જયબાએ દમિશ્ક ... ... ... ... ... | ,, ૧—૦—૦ |
| શરમીને શામ ... ... ... ... ... | ,, ૧—૦—૦ |
| ફદીના કાબો ... ... ... ... ... | ,, ૦—૮—૦ |
| રેહમતુલ કુબરા ... ... ... ... ... | ,, ૧—૦—૦ |
| ઇબ્ને મુસ્લીમ ... ... ... ... ... | ,, ૧—૦—૦ |
| નમાઝની ફીલસુફી ... ... ... ... ... | ,, ૧—૦—૦ |
| ચાર ઇમામ ... ... ... ... ... | ,, ૦—૪—૦ |
| માહે મુંદક ... ... ... ... ... | ,, ૧—૮—૦ |
| હયાતે ગઉસુલ આઝમ ... ... ... ... | ,, ૦—૮—૦ |
| મીનાબાઝાર ... ... ... ... ... | ,, ૧—૦—૦ |
| મહાદુપ્ત ... ... ... ... ... | ,, ૧—૦—૦ |
| સબદા યાને હુરે-બારસ્તાના ... ... ... ... | ,, ૨—૮—૦ |

લખો:

**ઇન્સાફ કાર્યાલય**

ઇસ્લામપુરા, મું. ૪

...મ પ્રીંટીંગ પ્રેસ, ઇસ્લામપુરા મુંબાઇ ૪ થી મુન્શી ફતેહખાં અહમદખાને ...મણુ ખલીસા આમદ ભાવનગરવાળાએ ઘોઘારી મોહલ્લા મહેરીલાની બાજુમાં ઘર નં. ૧૦૮-૧૧૦ માંથી પ્રગટ કીધા છે.